GJBK010010112026

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર્ડ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

---

**પાલનપુરના મહે. ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. પાલનપુર.**
**ક્રિ.પર.અ.નં. ૨૬૭/૨૦૨૬**

---

**આંક.**

મુકેશકુમાર ભીખારામ પ્રેમારામ બિશ્નોઇ
ઉ.વ. ૨૭, ધંધો. ખેતી,
રહે. જુબલીગંજ, રબારીઓકાવાસ,
પો. સ્ટે. માનાદર, તા. શિવગંજ,
જિલ્લો. સિરોહી (રાજસ્થાન)
મૂળ રહે. વિષ્ણુનગર, ધાંધીયા,
તા. લુણી, જિલ્લો. જોધપુર (રાજસ્થાન)
હાલ રહે. સબજેલ પાલનપુર. **....અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર
જિલ્લા સરકારી વકીલશ્રી પાલનપુર. **....સામાવાળા**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એ. એ. બિહારી.
શ્રી સરકાર તરફે એડી. પી. પી. શ્રી ડી. કે. પુરોહિત.

---

**બાબત: –** બી. એન. એસ. એસ. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા અંગે..

**:– ચૂકા દો –:**

(૧) આ કામના અરજદાર વિરુધ્ધ અમીરગઢ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧ ૯૫૦૦૩૨૬૦૦૩૦/૨૦૨૬, એન. ડી. પી. એસ. એકટની કલમ ૮ (સી), ૨૨(બી), ૨૯ મુજબનો નોંધાયેલ છે અને હાલમાં તેઓ જયુડી. કસ્ટડીમાં છે તેથી અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી અન્વયે આ કામના સામાવાળાને નોટીસ કરતાં, સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી ડી. કે. પુરોહિત પોતાની હાજર પુરસીસ આંક.૦૫ થી રજૂ કરેલ છે.

(૩) અરજદારની અરજી અન્વયે આ કામના ત.ક.અધિકારીશ્રીએ આંક–૦૭ થી પોતાનું સોગંદનામું રજૂ કરેલ છે, જેમાં તેઓએ અરજદારની અરજીનો વિરોધ કરેલ છે અને તેમણે અરજદારને જામીન મુકત ન કરવા માટે વિનંતી કરેલ છે.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એ. એ. બિહારીને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, અરજદાર નિર્દોષ છે. તેણે કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. આ કામે એક માત્ર સહ આરોપીના નિવેદનના આધારે તેનું નામ સદર ગુનામાં ખુલવા પામેલ છે. હાલના અરજદાર તારીખ ૧૨/૦૧/૨૦૨૬ થી જયુડી. કસ્ટડીમાં છે. તેની વિરૂધ્ધ તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. ચાર્જશીટ પણ ફાઇલ થઇ ગયેલ છે. આ કામે એફ. આઇ. આર. તથા ચાર્જશીટ ધ્યાનમાં લેતાં જે આરોપી પાસેથી મુદ્દામાલ પકડાઇ આવેલો તે બાબતે તેને પૂછતાં તેણે તે મુદ્દામાલ આ કામના આરોપીએ સંકેત પાસેથી

મેળવી આપેલ હોવાનું જાહેર કરેલ છે. આમ સહ આરોપીના નિવેદનના આધારે તેની ધરપકડ થયેલ છે જે ખૂબ નબળો પુરાવો છે તે બાબતનું પુરાવાકીય મૂલ્યાંકન કરવાનું હોતુ નથી. વધુમાં તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામે જે માદક પદાર્થ પકડાયેલ છે તે ઇન્ટર મીડીયેટ કવોન્ટીટી છે જેથી એન. ડી. પી. એસ. એકટની કલમ ૩૭ની જોગવાઇ તેને લાગુ પડતી નથી. તેઓ વધુમાં રજૂઆત કરતાં જણાવે છે કે, પોલીસનું સોગંદનામું ધ્યાનમાં લેતાં કોલમ નં.૩૧ માં તેનો ગુનાહિત ઇતિહાસ છે. પરંતુ તે તેમના જામીન મંજૂર ન કરવા માટેનું એકમાત્ર કારણ ગણી શકાય નહીં. તે શરતોનું પાલન કરવા તૈયાર છે. તે જામીન આપવા પણ તૈયાર છે. તેમ જણાવી તેમણે તેને જામીન પર મુકત કરવા માટે રજૂઆત કરેલ છે અને પોતાની ઉપરોકત દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચૂકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

૧. ક્રિમી. મીસી. અ. નં. ૨૪૯૬૮/૨૦૨૫
(ફોર રેગ્યુલર બેઇલ– આફટર ચાર્જશીટ)
ઇમેન્યુઅલ ઓસાજે સ/ઓ. એડવર્ડ ઓસાજે વિ.
ગુજરાત અને એએનઆર રાજય.

૨. ક્રિમી. મીસી. અ. નં. ૧૬૭૨૯/૨૦૨૪
(ફોર રેગ્યુલર બેઇલ– આફટર ચાર્જશીટ)
ચંદન અને સ્માઇલ રમેશ તાયદે વિ. ગુજરાત રાજય.

૩. ક્રિમી. મીસી. અ. નં. ૨૨૮૨૫/૨૦૨૫
(ફોર રેગ્યુલર બેઇલ– આફટર ચાર્જશીટ)
રાજુખાન અને રાજુલાલ હબીબ્રાહેમાન પઠાણ વિ. ગુજરાત રાજય.

૪. ક્રિમી. મીસી. અ. નં. ૮૦૬/૨૦૨૫
(ફોર રેગ્યુલર બેઇલ– આફટર ચાર્જશીટ)
મેહુલભાઇ ઘનશ્યામભાઇ ભદાણી વિ.
ગુજરાત અને એએનઆર રાજય.

૫. ૨૦૨૫ લાઇવલો (એસસી) ૯૨૯
ક્રિમી. અ. નં. ૪૨૦૦–૪૦૨૧/ ૨૦૨૫

વિષ્ણુ વિગેરે વિ. કેરળ અને એએનઆર રાજય.

(૫) સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી ડી. કે. પુરોહિતને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામે સ્થળ ઉપરથી જથ્થો પકડાયેલો છે. આરોપી જયારે પોલીસ વાહન ચેકીંગમાં હતી તે દરમ્યાન અમીરગઢ પોલીસ સ્ટેશન પાસે એક રાજસ્થાન તરફથી ક્રિષ્ણા ટ્રાવેલ્સ બસ નંબર એઆર.૦૧. ડબ્લયુ–૭૭૭૩ વાળી આવતાં તેમાં બેસેલ મુસાફરોના સર–સમાન ચેંક કરતાં મુખ્ય આરોપી પાસેથી એમ.ડી. ડ્રગ્સ મળી આવેલું જે બાબતે પોલીસે એન. ડી. પી. એસ. એકટ લગત કાયદેસરની કાર્યવાહી કરેલી અને તેને પૂછતાં પોતે કયાંથી એમ. ડી. ડ્રગ્સ લાવેલ છે તે બાબતે તેને તે જથ્થો આપનાર અને જેને પુરો પાડવાનો હતો તેનું નામ જણાવેલું. આ કામના આરોપીએ ન પકડાયેલ આરોપી સંકેત પાસેથી મુદ્દામાલ મેળવી પકડાયેલ આરોપી શુભમને આપેલ છે તેઓ વોટસએપ કોલથી સંપર્કમાં રહેલ છે. તેમની વચ્ચે વોટસેઅપ ચેઇટ પણ થયેલ છે જે મોબાઇલ કબજે લીધેલ લઇ એફ. એસ. એલ. માં મોકલેલ છે. આ કામે હજુ બે આરોપીઓ પકડવાના બાકી છે. ઓનલાઇન ટ્રાન્ઝેકશન જે થયેલું તે ઓનલાઇન ટ્રાન્ઝેકશનના નાણાં પણ આ કામના આરોપીએ મેળવેલ છે. તેનો ગુનાહિત ભૂતકાળ છે અને તે ગુનો તાજેતરના સમયનો છે. જો તેને જામીન પર મુકત કરવામાં આવશે તો તે આ પ્રકારનો ગુનો ફરીથી આચરે તેવી શકયતા છે. તેમ જણાવી તેમણે તેની જામીન અરજી નામંજૂર કરવા માટે દલીલ કરેલ છે.

(૬) બંનેની રજૂઆતો ધ્યાને લીધી, એફ.આઈ.આર. વંચાણે લીધી. અરજીની સાથે રજૂ કરેલ દસ્તાવેજો તથા ત.ક.અ.શ્રીનું આંક. ૭ વાળું સોગંદનામું ધ્યાને લીધું તથા ચાર્જશીટ વંચાણે લીધું. આ કામના આરોપીની ધરપકડ તા. ૧૨/૦૧/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલી છે. સમગ્ર એફ. આઇ. આર. તથા ચાર્જશીટ ધ્યાનમાં લેતાં હાલના ગુનામાં તેનું નામ સહ આરોપીના નિવેદનના આધારે ખુલેલ છે અને તેનો રોલ માદક પદાર્થ પૂરૂ પાડનાર તરીકે છે. આ કામે સહ આરોપીના નિવેદનના આધારે તેનું નામ

ખુલેલ હોવાથી તે ઘણો નબળો પુરાવો ગણી શકાય તેવી હકીકત ધ્યાને ન લઇએ તો પણ આ કામે પોલીસ તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે. આરોપી વિરૂધ્ધનો ગુનો ધ્યાનમાં લેતાં ઇન્ટર મીડીયેટ કવોન્ટીટીનો કેસ છે જેથી એન. ડી. પી. એસ. એકટની કલમ ૩૭ની ટવીન કન્ડિશન લાગુ પડતી નથી. આ કામે અલબત્ત તેની વિરૂધ્ધ એક કેસ નોંધાયેલ છે પરંતુ આ કામે અરજદાર/આરોપી તરફે જે ચૂકાદાઓ રજૂ કરવામાં આવેલા છે તે ધ્યાનમાં લેતાં નામદાર ગુજરાત હાઇકોર્ટે રાજુખાન અને રાજુલાલ હબીબ્રાહેમાન પઠાણ વિરૂધ્ધ કોમર્શીયલ કવોનટીટીનો કેસ હોવા છતાં અને તેનો ગુનાહિત ભૂતકાળ હોવા છતાં તેને જામીન મુકત કરેલ છે. જયારે હાલના કેસમાં પકડાયેલ મુદ્દામાલ કોમર્શીયલ કવોન્ટીટી ન હોવાથી સજા અંગેની જોગવાઇ તે ગુના કરતાં ઓછી હોય છે. સાહેદો ધ્યાનમાં લેતાં ઘણા બધા સાહેદો સરકારી સાહેદો છે. કેસ ચાલતા લાંબો સમય જાય તેમ છે. તે શરતોનું પાલન કરવા તૈયાર છે અને જામીન આપવા પણ તૈયાર છે. તે સંજોગોમાં તેને જામીન પર મુકત કરવો યોગ્ય જણાતો હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:– હુ ક મ –:**

(૧) અરજદાર/આરોપીની પ્રસ્તુત જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી મુકેશકુમાર ભીખારામ પ્રેમારામ બિશ્નોઇ નાઓને અમીરગઢ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧ ૯૫૦૦૩૨૬૦૦૩૦/૨૦૨૬, એન. ડી. પી. એસ. એકટની કલમ ૮ (સી), ૨૨(બી), ૨૯ મુજબના ગુનાના કામે રૂા. ૧,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત–મુચરકો અદાલત સમક્ષ આપ્યેથી નીચેની શરતોને આધિન જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–: શરતો :–**

૧. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ ચાલતાં સુધી ભારત દેશની હદ છોડવી નહીં.

૨. અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તાત્કાલિક રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું અદાલતમાં રજૂ કરવું.

૩. અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક–ધમકી આપવી નહીં, સાક્ષીઓને ફોડવાના પ્રયત્નો કરવા નહીં કે, ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં.

૪. અરજદાર/આરોપીએ જામીન મુકિતની સ્વતંત્રતાનો કોઇપણ રીતે દુરુપયોગ કરવો નહીં કે, કોઇ ગેરલાભ ઉઠાવવો નહીં કે, ફરીયાદપક્ષ ના કેસને પ્રતિકૂળ અસર થાય તેવું કોઇ કૃત્ય કરવું નહીં.

૫. અરજદાર/આરોપીએ અન્ય કોઇ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિ કરવી નહીં કે, પોતાની જાતને કોઇપણ ગુનાહિત પ્રવૃત્તિ સાથે સાંકળવી નહીં.

૬. અરજદાર/આરોપીના રહેણાંકનું કાયમી સરનામું, ફોન નંબર સહિત તેમના જામીનદારે જાહેર કરવું.

૭. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન અદાલત સમક્ષ નિયમીત હાજર રહેવું.

૮. ઉપરોકત શરતો પૈકી કોપણ શરતનું ભંગ થશે તો, અરજદાર/ આરોપીની જામીન મુકિતનો હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે.

હુકમ લગત સંબંધિત પોલીસ સ્ટેશનને જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

મું. પાલનપુર.
તા. ૧૬/૦૩/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઇ પટેલ)**
ત્રીજા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૦૩